RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 302, Dt.10-02-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા ચૂંટણી પહેલાં CAA કાયદો અમલી-શાહનો હુંકાર



## આ કાયદો કોઈની નાગરિકતા નહીં છીનવે, મુસ્લિમ સમુદાયને ઉશ્કેરવામાં આવી રહ્યો છેઃ સીએએના અમલને કોઈ રોકી શકશે નહીંઃ ૨૦૧૯માં લોકસભા અને રાજ્યસભામાંથી બીલ પસાર કરાયું હતુંઃ ચાર રાજ્યમાં સીએએ વિરૂધ્ધ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે લોકસભા ચૂંટણી પહેલાં દેશમાં નાગરિકતા સંશોધન કાયદો લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે CAA એ દેશનું કાર્ય છે, અમે એને ચોક્કસપણે સૂચિત કરીશું. ચૂંટણી પહેલાં એની સૂચના આપવામાં આવશે અને એનો અમલ પણ કરવામાં આવશે. આ અંગે કોઈ મૂંઝવણ ન હોવી જોઈએ.

અમિત શાહે શનિવારે ઊટ નાઉ-ગ્લોબલ બિઝનેસ સમિટમાં આ વાતો કહી હતી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ સરકારે CAA લાગુ કરવાનું વચન આપ્યું હતું. જ્યારે ઘણા દેશોમાં લઘુમતી લોકો પર અત્યાચાર થઈ રહ્યા હતા ત્યારે કોંગ્રેસે શરણાર્થીઓને ખાતરી આપી હતી કે તેઓ ભારત આવી શકે છે. તેમને અહીંની નાગરિકતા આપવામાં આવશે, પરંતુ હવે કોંગ્રેસ પોતાના શબ્દો પર ફરી રહી છે.

આપણા દેશના લઘુમતી સમુદાયો, ખાસ કરીને મુસ્લિમ સમુદાયને ઉશ્કેરવામાં આવી રહ્યા છે. CAA કોઈની નાગરિકતા છીનવી શકે નહીં, કારણ કે એમાં આવી કોઈ જોગવાઈ નથી. CAA એ એક કાયદો છે, જે બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં અત્યાચારનો ભોગ બનેલા શરણાર્થીઓને નાગરિકતા આપશે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં કોલકાતામાં એક સભા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે ઈએના અમલને કોઈ રોકી શકશે નહીં. શાહે ઘૂસણખોરી, ભ્રષ્ટાચાર, રાજકીય હિંસા અને તુષ્ટીકરણના મુદ્દાઓ પર મમતા બેનર્જીને ઘેર્યા હતા. તેમણે લોકોને વિનંતી કરી હતી કે તેઓ બંગાળમાંથી મમતા સરકારને હટાવે અને ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ચૂંટે.

એ જ સમયે ૧૨ દિવસ પહેલાં કેન્દ્રીય મંત્રી શાંતનુ ઠાકુરે કહ્યું હતું કે હું ખાતરી આપું છું કે ૭ દિવસમાં નાગરિક સુધારો કાયદો દેશભરમાં લાગુ કરવામાં આવશે. બોનગાંવના બીજેપી સાંસદ ઠાકુર દક્ષિણ ૨૪ પરગણાંના કાકદ્વીપમાં એક રેલીને સંબોધિત કરી રહ્યા હતા.૧૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ રાજ્યસભામાં નાગરિકતા સંશોધન બિલ ૨૦૧૯ની તરફેણમાં ૧૨૫ અને એના વિરુદ્ધમાં ૯૯ મત મળ્યા હતા. બીજા દિવસે ૧૨ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ એને રાષ્ટ્રપતિની મંજૂરી મળી. દેશભરમાં ભારે વિરોધ વચ્ચે બંને ગૃહો દ્વારા પસાર થયા બાદ બિલે કાયદાનું સ્વરૂપ લીધું. ૯ ડિસેમ્બરે ગૃહમંત્રી અમિત શાહ દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

# બે કરોડ નવા મતદારો વચ્ચે આગામી ચૂંટણીમાં ૯૭ કરોડ મતદારો મતાધિકારનો પ્રયોગ કરશે

## પાંચ વર્ષમાં મહિલા યુવા અને દિવ્યાંગ મતદારો વધ્યાઃ ભારત વિશ્વમાં સૌથી વધુ વોટર્સ ધરાવતો દેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૯૭ કરોડ લોકો મતદાન કરી શકશે. ચૂંટણી પંચે શુક્રવારે તમામ ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના મતદારોને લગતો વિશેષ સમરી રિવિઝન ૨૦૨૪ રિપોર્ટ જાહેર કર્યો.

પંચે કહ્યું કે ૧૮ થી ૨૯ વર્ષની વયજૂથના ૨ કરોડ નવા મતદારો મતદાન યાદીમાં ઉમેરાયા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યામાં ૬%નો વધારો થયો છે.

ચૂંટણી પંચે કહ્યું- ૯૬.૮૮ કરોડ મતદારો, જે વિશ્વમાં સૌથી વધુ છે,



લોકસભા ચૂંટણીમાં મતદાન માટે નોંધાયેલા છે. આ ઉપરાંત લિંગ ગુણોત્તર પણ ૨૦૨૩માં ૯૪૦થી વધીને ૨૦૨૪માં ૯૪૮ થયો છે.

સ્પેશયલ સમરી રિપોર્ટ-૨૦૨૪ રિપોર્ટ ૪ પોઈન્ટમાં ૧ કરોડ ૬૫ લાખ ૭૬ હજાર ૬૫૪ મૃતકોના નામ અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા છે અને ડુપ્લીકેટ મતદારોને મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જેમાં ૬૭ લાખ ૮૨ હજાર ૬૪૨ મૃત મતદારો, ૭૫ લાખ ૧૧ હજાર ૧૨૮ ગેરહાજર મતદારો અને ૨૨ લાખ ૫ હજાર ૬૮૫ ડુપ્લિકેટ મતદારોનો સમાવેશ થાય છે.

૧૭ વર્ષથી વધુ ઉંમરના ૧૦.૬૪ લાખ યુવાનોએ મતદાન યાદીમાં નામ ઉમેરવા માટે અરજી કરી છે. તેમાં એવા યુવાનોનો સમાવેશ થાય છે જેમણે ત્રણ તારીખે ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી છે: ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર. ચૂંટણી પંચે જમ્મુ અને કાશ્મીર અને આસામમાં મતદાર યાદીઓનું સંશોધન પણ પૂર્ણ કરી દીધું છે.

# પાકિસ્તાનમાં ત્રિશંકુ સંસદ વચ્ચે સરકાર રચવા દાવો કરતાં નવાઝ–બીલાવલ ભૂટ્ટો

## સૌથી વધુ બેઠક મેળવનાર ઈમરાન સમર્પિત અપક્ષોએ વિપક્ષમાં બેસવું પડે તેવી સ્થિતિ

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં વિવાદો અને હિંસા વચ્ચે યોજાયેલી ચુંટણીમાં એક તરફ કોઈપણ પક્ષને બહુમતી નહી મળતા ત્રિશંકુ સંસદની સ્થિતિ બની છે તે વચ્ચે નંબર ટુ અને નંબર થ્રી પર રહેલા પાકિસ્તાન મુસ્લીમલીગ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ દેશમાં અને પંજાબ પ્રાંતમાં સરકાર રચવા હાથ મિલાવવાની તૈયારી કરી છે તથા પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફે દેશમાં સરકાર રચવા માટેનો દાવો પણ કરી દીધો છે.

પાકની ૩૩૬ બેઠકોની સંસદમાં ૨૬૫ બેઠકો પર ચુંટણી યોજાઈ હતી.



બાકીની બેઠકો પર પક્ષને મળેલા મતોના આધારે મહિલા અને લઘુમતીઓની નિયુક્તિ થાય છે જેમાં હવે જાહેર થયેલા પરિણામોમાં પુર્વ વડાપ્રધાન ઈમરાનખાનના પક્ષ તહેરીક એ ઈન્સાફ સમર્થીત અપક્ષોએ ૯૮ બેઠકો જીતી છે જયારે વધુ એક પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફના પક્ષ પાકિસ્તાન મુસ્લીમ લીગને ૬૯ અને બિલાવલ ભુટ્ટો ઝરદારીના પક્ષ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને ૫૧ બેઠકો મળી છે.

આમ ત્રિશંકુ સંસદ વચ્ચે હવે શરીફ અને ઝરદારી હાથ મિલાવી રહ્યા છે અને પાકિસ્તાનના પંજાબ પ્રાંત ઉપરાંત દેશની સંસદમાં પણ સંયુક્ત સરકાર રચવાની તૈયારી કરી છે.. પાકિસ્તાન મુસ્લીમ લીગના અધ્યક્ષ શાહબાઝ શરીફે ઈસ્લામાબાદમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના વડા બિલાવલ ભુટ્ટો અને તેમના પિતા અને પુર્વ રાષ્ટ્રપતિ આસીફઅલી ઝરદારી સાથે મુલાકાત કરી હતી અને બંને હવે સંયુક્ત સરકાર રચીને સૌથી મોટા જુથ તરીકે ઉપસેલા ઈમરાનખાનના પક્ષને સરકાર રચવામાં પાછળ રાખી દેશે તેવા સંકેત છે. જો કે હજુ પાકિસ્તાની સૈન્ય અને સુપ્રીમ કોર્ટ પર સૌની નજર છે''

# ૨૯ ફેબ્રુઆરી પછી Paytm App બંધ થશે નહીંઃકરોડો યૂઝર્સ માટે RBIનો મોટો ખુલાસો, Paytm બેંક ખાતામાં જમા કરેલા પૈસા ખર્ચ કરી શકાશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતીય રિઝર્વ બેંક એટલે કે RBIએ ૩૧ જાન્યુઆરીએ મોટો નિર્ણય લીધો. આ અંતર્ગત રિઝર્વ બેંકે પેટીએમ પેમેન્ટ બેંક સામે કાર્યવાહી કરી અને તેના પર પ્રતિબંધ લગાવ્યો. RBIએ પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડને ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ પછી કોઈપણ ગ્રાહક ખાતા, પ્રીપેડ ઈન્સ્ટ્રુમેન્ટ, વોલેટ અને ફાસ્ટેગમાં થાપણો અથવા ટોપ-અપ્સ ન સ્વીકારવાનો નિર્દેશ આપ્યો છે. આવી સ્થિતિમાં Paytmના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરતા યુઝર્સની મુશ્કેલી વધી ગઈ છે. હાલમાં લોકોના મનમાં અનેક પ્રકારના પ્રશ્નો છે. ઘણા લોકો પેટીએમ પેમેન્ટ બેંક અને પેટીએમ એપને એક માની રહ્યા છે.

તે જ સમયે, ઘણા લોકો એ હકીકતને લઈને મૂંઝવણમાં છે કે આરબીઆઈ દ્વારા પેટીએમ પેમેન્ટ્સ બેંક પર પ્રતિબંધને કારણે, શું ૨૯ ફેબ્રુઆરી પછી પેટીએમ એપ પણ બંધ થઈ જશે? હવે આ અંગે RBI તરફથી



એક મોટું નિવેદન સામે આવ્યું છે.

RBIએ સ્પષ્ટપણે કહ્યું છે કે Paytm એપ ૨૯ ફેબ્રુઆરી પછી બંધ નહીં થાય. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગુરુવારે કહ્યું કે Paytm Payments Bank સામે નિયમનકારી પગલાં લેવામાં આવ્યા છે અને Paytm એપને તેનાથી કોઈ અસર થશે નહીં. RBI ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જેએ મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠક બાદ કહ્યું, ''એક સ્પષ્ટતા કરવી પડશે, આ વિશેષ કાર્યવાહી પેટીએમ પેમેન્ટ્સ બેંક વિરુદ્ધ છે તેને પેટીએમ બેંક સાથે જોડશો નહીં. આ પ્રોસેસ Paytm એપ્લિકેશનને અસર કરશે નહીં.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અન્ય બેંકો Paytm વોલેટ સાથે ભાગીદારી કરી શકે છે, તો તેમણે કહ્યું કે આ એક વ્યવસાયિક નિર્ણય છે અને બેંકોએ તેમના ડિરેક્ટર બેંક દ્વારા મંજૂર કરવામાં આવેલી નીતિ અનુસાર જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. તેમણે કહ્યું, ''મને વિશ્વાસ છે કે જો તેઓ ભાગીદારીમાં પ્રવેશવા માંગે છે, તો તેઓ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરશે.''

આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જેએ કહ્યું કે ફિનટેક પેટીએમ (આરબીઆઈ પેટીએમ બેન) વિરુદ્ધ સતત નિયમોનું પાલન ન કરવાને કારણે કાર્યવાહી કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે Paytm પેમેન્ટ્સ બેંક પર પ્રતિબંધ હોવા છતાં, તમે તમારા Paytm બેંક ખાતામાં જમા કરેલા પૈસા ખર્ચ કરી શકો છો. આ સિવાય તમે પહેલાની જેમ Paytm UPI નો ઉપયોગ પણ કરી શકશો. પરંતુ, તમે Paytm બેંક સંબંધિત સેવાઓ જેમ કે Paytm Wallet અને Fastag મેળવી શકશો નહીં.

# અયોધ્યામાં રામ મંદિરના ભવ્ય નિર્માણ પર આભાર પ્રસ્તાવ પસાર કરશે સંસદ

## ૨૦૨૪ની ચૂંટણી પહેલાં આજે ૧૭મી લોકસભાનો અંતિમ દિવસઃ આભાર પ્રસ્તાવ સાથે ૧૮મી લોકસભા ચૂંટણીની તૈયારીનું બ્યુગલ વાગશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના રાજકારણમાં ઐતિહાસિક બનવા જઈ રહેલી ૧૭મી લોકસભામાં આજે અંતિમ દિને પણ આ ગૃહ એક તેવોજ ઐતિહાસિક પ્રસ્તાવ પસાર કરીને અયોધ્યામાં ભવ્ય રામમંદિર નિર્માણ માટે મોદી સરકારનો આભાર માનતા પ્રસ્તાવ પસાર થશે અને તેની સાથે જ આજે સંસદના વર્તમાન સત્રનો અંત આવશે અને ૧૮મી લોકસભા ચુંટણીની તૈયારીનું આખરી બ્યુગલ વાગશે.

ભાજપના આ એક સૌથી મોટા પોલીટીકલ સ્ટોકમાં આભાર પ્રસ્તાવના જવાબ આપતા સમયે સંસદના મેજ પર વડાપ્રધાન નરેન્દ્ર



મોદીનો જવાબ છેલ્લે દડે છગ્ગો મારીને ચેમ્પીયનશીપ (આગામી ચુંટણી) જીતી લેવા જેવો જ હવે તે નિશ્ચિત છે તો બીજી તરફ વિપક્ષ અને કોંગ્રેસ આ પ્રસ્તાવ સમયે ફસાશે તે પણ નિશ્ચિત છે.

જો પ્રસ્તાવનો વિરોધ કરે તો વિશાળ મતદાર વર્ગમાં એક ખોટો અને ન ભરપાઈ કરી શકાય તેવું રાજકીય નુકસાન નોતરી બેસશે પણ રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં આમંત્રણ છતા ગેરહાજર રહીને જે રીતે કોંગ્રેસે તેની તુષ્ટીકરણની નીતિ હજુ છોડી નથી તે નિશ્ચિત કરાશે અને બન્ને રીતે તે ભાજપના હાથમાં મોટું હથિયાર આપી દેશે. મોદીનું આજનું આ વકતવ્ય ખાસ કરીને એક તરફ કરોડો હિન્દુઓને એક મજબૂત સંદેશ હશે તેમાં રામમંદિર નિર્માણ તો કોંગ્રેસ સહિતના પક્ષોએ કરેલા વિરોધ અને હજુ આ પખવાડીયામાંજ અપાયેલા ભારત રત્ન સન્માનમાં જે રીતે દલિત-કિસાન તથા વિજ્ઞાન ક્ષેત્રના લોકોને આવરી લીધા તેના પરથી કોંગ્રેસ તેના જ નેતાઓનું સન્માન કરી શકતી નથી તે ભગવાન રામનું કઈ રીતે સન્માન કરશે તેવો ચાબખો મારશે.

ભાજપ આજે તેના તમામ સાંસદોને હાજર રહેવા વ્હીપ આપ્યો છે. આજના પ્રસ્તાવમાં સંસદનું સત્ર એક દિવસ લંબાવાયું છે. ચુંટણીના સમયે ભાજપ અને મોદી સરકારે તેમના શાસનના રાજયોમાં જેમાં વિધાનસભા હાલ ચાલુ છે તે ગુજરાત સહિતના રાજયોએ આ પ્રકારના પ્રસ્તાવ પસાર કર્યા છે.

વિપક્ષોને ભીસમાં લેવા આર્થિક બાબતો પર શ્વેતપત્ર બહાર પાડીને કોંગ્રેસને પુરી રીતે દિવાલ ભેગી કરી દીધી છે અને તેમાં વ્યાજનો પ્રસ્તાવ અને મોદીનું સંબોધન એ આગામી ચુંટણીમાં મતદારો માટે લાઉડ એન્ડ કલીયર સંદેશ હશે. વિપક્ષો હવે તેની રણનીતિથી જવાબ આપવાનો સમય પણ ભાગ્યે જ રહ્યો છે.

# લોનધારકોએ EMIમાં ઘટાડા માટે રાહ જોવી પડશે

## સતત છઠ્ઠી વખત રેપો રેટ ૬.૫૦ ટકા જાળવી રખાયોઃ ફુગાવો હજુ પણ ઊંચો છે અને તે સામેની લડાઈ હજુ પૂરી થઈ નથીઃ દાસ

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)એ ત્રણ દિવસની બેઠકના અંતે આજે અપેક્ષા પ્રમાણે ૬.૫૦ ટકા રેપો રેટ જાળવી રાખ્યો હતો. સતત છઠ્ઠી બેઠકમાં વ્યાજ દર જાળવી રખાયો છે. દેશમાં રિટેલ ફુગાવો હજુ પણ ઊંચો છે અને તે સામેની લડાઈ હજુ પૂરી થઈ નથી એમ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસ દ્વારા બેઠકના અંતે જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું. રેપો રેટ યથાવત રખાતા વિવિધ લોન્સના દર તથા ઈએમઆઈમાં કોઈ વધઘટ જોવા નહીં મળે.

એમપીસીના છ સભ્યોમાંથી પાંચ સભ્યોએ રેપો રેટ જાળવી રાખવા જ્યારે એક સભ્યએ વ્યાજ દર ઘટાડવાની તરફેણ કરી હતી. વ્યાજ દર યથાવત રહેતા લોનધારકોએ તેમના ઈએમઆઈમાં ઘટાડા માટે હજુ લાંબો સમય રાહ જોવી પડશે.



રેપો રેટમાં કયારે ઘટાડો કરાશે તેવા કોઈ સંકેત એમપીસીની બેઠકના અંતે મળ્યા નહોતા.

એમપીસીના આજના નિર્ણયને કારણે બેન્કો તથા નાણાં સંસ્થાઓ વ્યાજ દરના હાલના સ્તર જાળવી રાખશે તેમ જણાય રહ્યું છે.

મે ૨૦૨૨થી સતત છ વખત વ્યાજ દર વધારી તેને ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધીમાં ૬.૫૦ ટકાના સ્તરે લઈ ગયા બાદ રિઝર્વ બેન્કે આ સ્તર સતત જાળવી રાખ્યું છે.

વર્તમાન તથા ઊભરી રહેલા બૃહદ્ આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી રેપો રેટ જાળવી રાખવા નિર્ણય લેવાયો હોવાનું દાસે જણાવ્યું હતું. એમપીસીના છમાંથી પાંચ સભ્યોએ રેપો રેટ જાળવી રાખવા મતદાન કર્યું હતું એક સભ્ય જયંત વર્માએ વ્યાજ દરમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરવા તરફેણ કરી હતી.

આર્થિક વિકાસને ટેકો આપવા સાથે ફુગાવાને ચાર ટકાના ટાર્ગેટ સુધી લાવવા એકોમોડેટિવ વલણ પાછું ખેંચવા પર ધ્યાન આપવાનું ચાલુ રખાશે. બે ટકા ઉપરનીચે સાથે રિઝર્વ બેન્કને ફુગાવાને ચાર ટકા સુધી સીમિત રાખવા જવાબદારી સોંપાઈ છે.

આગામી નાણાં વર્ષ માટે રિઝર્વ બેન્કે દેશના આર્થિક વિકાસ દરનો અંદાજ સાત ટકા મૂકયો છે જ્યારે ફુગાવો ૪.૫૦ ટકા રહેવા ધારણાં મૂકવામાં આવી છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસે વર્તમાન નાણાં વર્ષ માટે આર્થિક વિકાસ દરનો અંદાજ ૭.૩૦ ટકા મૂકયો છે. દેશની આર્થિક પ્રવૃત્તિ મજબૂત બની રહી છે, એમ દાસે જણાવ્યું હતું.

ભૌગોલિક રાજકીય તાણો, આંતરરાષ્ટ્રીય નાણાં બજારમાં વોલેટિલિટી તથા ભૌગોલિકઆર્થિક વિભાજનને કારણે વિકાસ અંદાજ સામે જોખમો તોળાઈ રહ્યા હોવાનું પણ દાસે તેમના નિવેદનમાં જણાવ્યું હતું.

વર્તમાન નાણાં વર્ષ એટલે કે ૨૦૨૩-૨૪માં રિટેલ ફુગાવો ૫.૪૦ ટકા રહેવાની ધારણાં છે. ૨૦૨૪નું ચોમાસુ સામાન્ય રહેવાની ધારણાંને આધારે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં રિટેલ ફુગાવો ૪.૫૦ ટકા રહેવાનો અંદાજ મુકાયો છે.

ઘરેલું આર્થિક પ્રવૃત્તિ સારી સ્થિતિમાં છે અને રવિ વાવણીમાં ગતિ, ઈન્વેસ્ટમેન્ટ માગ, વેપાર ક્ષેત્રમાં આશાવાદ તથા ઉપભોગતાના વધી રહેલા વિશ્વાસમાં વધારાથી અર્થતંત્રને ટેકો મળી રહ્યો હોવાનું એમપીસીએ નોંધ્યું હતું.

# કર્મચારીઓ માટે આનંદના સમાચારઃ પીએફ ઉપર ૮.૨૫ ટકા વ્યાજ મળશે

## પ્રોવિડન્ટ ફંડ ટ્રસ્ટી બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૩–૨૪ માટે ૧૦ બેઝીક પોઈન્ટ વ્યાજ વધારાયુંઃ ૬.૫૦ કરોડ કર્મચારીઓને લાભ મળશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ્રોવિડન્ટ ફંડના લાભાર્થી કર્મચારીઓ માટે લાભના સમાચાર છે. પીએફ ફંડ ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટી બોર્ડે ૨૦૨૩-૨૪ના વર્ષ માટે પ્રોવિડન્ટ ફંડ પર ૮.૨૫ ટકા વ્યાજ આપવાની ભલામણ કરી છે જેના કારણે અંદાજીત ૬.૫૦ કરોડ લાભાર્થીઓને ગત વર્ષની સરખામણીમાં ૧૦ બેઝીક પોઈન્ટ વધુ વ્યાજ મળશે. ૨૦૨૨-૨૩ના વર્ષમાં કર્મચારીઓને તેમની પીએફ બચત પર ૮.૧૫ ટકા વ્યાજ મળ્યુ હતું.

આજે દિલ્હીમાં મળેલી ટ્રસ્ટી





બોર્ડની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરવાનો નિર્ણય લેવામા આવ્યો હતો. જો કે એક વખત નાણામંત્રાલય આ વ્યાજદર વધારાને મંજુરી આપે ત્યારબાદ જ તે સતાવાર રીતે અમલમાં આવશે અને માર્ચ ૨૦૨૪ બાદ તે કર્મચારીઓના ખાતામાં જમા થશે. આ વધારે વ્યાજની રકમ કર્મચારીઓ દ્વારા સ્વૈચ્છીક રીતે પોતાનું જે યોગદાન વધારાયું હશે તેના પર પણ મળશે.

સરકારી અને ખાનગી ક્ષેત્રના જે કર્મચારીઓ આ યોજના હેઠળ આવે છે તેને દર મહિને તેમના પગારમાંથી કપાતા પ્રોવિડન્ટ ફંડ અને માલિકના ફાળાની કુલ રકમ પર દર નાણાકીય વર્ષના અંતે ૩૧ માર્ચના જે બેલેન્સ જમા હોય તેના પર વ્યાજની ગણતરી થાય છે. આ ઉપરાંત પ્રોવિડન્ટ ફંડ ટ્રસ્ટી બોર્ડે આગામી સમયમાં શેરમાર્કેટમાં તેનું રોકાણ વધારવાનો પણ નિર્ણય લીધો છે.

# સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ સમિતિની ત્રિમાસિક બેઠક અને સેવારત તથા પુર્વ સૈનિકોની સમસ્યા નિવારણ અંગેની સમીક્ષા બેઠકનું કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.




બેઠકમાં નિવૃત જવાનોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી માસિક આર્થિક સહાય, દીકરી લગ્ન સહાય, સ્કોલરશીપ, અંતિમ ક્રિયા સહાય, યુદ્ધ જાગીર ભથ્થું તથા કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ સહાયની વિગત તેમજ પુર્વ સૈનિકો તથા મંડળો તરફથી મળેલા મુદ્દાઓ બાબતે જિલ્લા કલેકટરએ સમિતિના સદ્દસ્યો સાથે વિસ્તૃતપણે ચર્ચા-વિચારણા કરી હતી.તેમજ જિલ્લા કલેક્ટરએ પુર્વ સૈનિકો તથા સ્વ.સૈનિકોના ધર્મપત્ની અને તેઓના આશ્રિતોને શ્રેષ્ઠ આરોગ્યલક્ષી સવલતો મળી રહે તે માટેની કાર્યવાહીને પ્રાધાન્ય આપી સરકાર તરફથી લાગુ પડતી તમામ સહાયના લાભો સમયસર મળી રહે તે બાબતની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા સૂચન કરી સમિતિના સદ્દસ્યોને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

આ ઉપરાંત, બેઠકમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ અધિકારી અને જામનગરના કમાન્ડર સંદિપ જયસ્વાલ (નિવૃત) એ સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગત તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધીમાં ૪૦ પરિવારોને રૂ. ૨૧,૧૮,૦૦૦ ની માસિક આર્થિક સહાય, ૦૨ પરિવારોને રૂ.૫૫,૦૦૦ ની દીકરી લગ્ન સહાય તેમજ ૦૭ પરિવારોને અંતિમ ક્રિયા સહાય પેટે રૂ.૭૦,૦૦૦ ની એમ કુલ રૂ.૨૨,૪૩,૦૦૦ ની સહાય ચુકવવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ પેટે સરસ્વતી વિદ્યામંદિર ઈંગ્લીશ સ્કુલ, જામનગર તરફથી રૂ.૫૧,૦૦૦ નો ફાળો જમા કરાવવામાં આવ્યો હતો. તે બદલ કલેક્ટરએ તેમનું મોમેન્ટો અર્પણ કરીને સન્માન કર્યું હતું. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં સરકાર દ્વારા આપવામાં આવેલા ટાર્ગેટની સરખામણીએ જામનગરની જાહેર જનતાએ ૧૧૦% જેટલો ફાળો ઉદાર હાથે અર્પણ કર્યો છે. આવી જ રીતે જામનગરની જાહેર જનતાને તથા કચેરીઓને કલેક્ટરએ ચાલુ વર્ષ ૨૦૨૪ માં આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ફંડ માટે ઉદાર હાથે ફાળો અર્પણ કરવા માટે અપીલ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, ઈન્ડીયન આર્મી, નેવી અને એર ફોર્સના અધિકારીઓ, મદદનીશ રોજગાર નિયામક સરોજ સાંડપા,યોગેશભાઈ સોની, હાલાર જિલ્લા માજી સૈનિક મંડળ, એર ફોર્સ એસોસીએશન જામનગરના પ્રમુખઓ તથા સમિતિના અન્ય સદસ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન મોદી તથા ઓબીસી સમુદાય વિશે અશોભનીય નિવેદન કરનાર રાહુલ ગાંધીના વિરોધમાં જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા રાહુલના પુતળાનું દહન કરાયું






**મુખ્ય સમાચાર, મોરબી**

તાજેતરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન ઓડીસામાં જાહેર સંબોધનમાં દેશના પીએમ નરેન્દ્ર મોદી તેમજ સમગ્ર ઓબીસી સમુદાય વિરુદ્ધ ઘસાતું બોલ્યા હતા જેના વિરોધમાં મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે જીલ્લા બક્ષીપંચ મોરચા દ્વારા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરીને વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

મોરબી જીલ્લા ભાજપ બક્ષીપંચના પ્રમુખ નિર્મલ જારીયા દ્વારા જણાવ્યું હતું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા આપણા દેશના યશસ્વી અને લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીસાહેબ તથા ઓબીસી સમાજ વિશે અશોભનીય નિવેદન આપ્યું હતું જેને લઇ મોરબી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરીને વિરોધ દર્શાવ્યો હતો અને એવી માંગ પ્રગટ કરવામાં આવી છે કે રાહુલ ગાંધી પોતે કરેલા નિવેદનને પાછું ખેંચે અને દેશની જનતા સમક્ષ માફી માંગે. વધુમાં નિર્મલ જારીયા દ્વારા જણાવ્યું હતું કે જો કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પોતે કરેલ અશોભનીય અને અસભ્ય નિવેદન વિશે માફી નહિ માંગે તો આવનારા દિવસોમાં રાહુલ ગાંધી વિરુદ્ધ વધારે વિરોધ પ્રદર્શનો તથા આંદોલનો કરીને વિરોધ પ્રદર્શિત કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે અંતમાં નિર્મલ જારીયાએ કહ્યું હતું કે વર્ષ ૧૯૯૯માં મોદીસાહેબની જ્ઞાતિને બક્ષીપંચ અનામત મળ્યું હતું ત્યારે નરેન્દ્ર મોદી સીએમ પણ ન હતા તેથી રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલ અશોભનીય નિવેદનનો સખત વિરોધ કરવામાં આવ્યાનું જણાવ્યું હતું.

# મોરબી જીલ્લા આમ આદમી પાર્ટીએ જીલ્લા કલેકટરની મુલાકાત કરી વેપારીના પ્રશ્નોની ચર્ચા કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા આમ આદમી પાર્ટી ના કાર્યકર્તા દ્વારા મોરબી જીલ્લા ના નવા નીમાયેલા કલેક્ટર કે બી ઝવેરી સાહેબ ની મુલાકાત કરી તેમજ સાથે આમ આદમી પાર્ટીના જીલ્લા પ્રભારી પંકજ રાણસરિયા જીલ્લા મહામંત્રી એડવોકેટ ભાવિનભાઈ જીલ્લા ઉપપ્રમુખ ઈકબાલભાઈ બ્લોચ સાથે લુવાણાપરા ના વેપારી લોકો ને સાથે રાખી શાક માર્કેટ પાછળ ના ભાગે તેમજ લુવાણાપરા વિસ્તાર મા જે વર્ષો થી ગંદકી નો જે પ્રશ્ન છે તેનો તાત્કાલીક નિકાલ થાય તેમજ લુવાણા પરા વિસ્તાર મા અમુક જાહેર રસ્તા વચ્ચે લોખંડ ના પાઈપ ઉભા કરી ને રસ્તા બંધ કરવા મા આવ્યા છે જે તાત્કાલીક ખુલ્લા કરાવવા માટે આવેદન આપવામા આવ્યું હતું.



# કોંગી નેતાએ કરેલા નિવેદનના વિરોધમાં જામનગરમાં ભાજપ ઓબીસી મોરચા દ્વારા વિરોધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ભાજપ ઓબીસી મોરચા દ્વારા.ભારતના વડાપ્રધાન માટે રાહુલ ગાંધીએ કરેલા અશોભનીય નિવેદનના વિરોધમાં જામનગરમાં કોંગી નેતાના પૂતળાનું દહન કરતા ભાજપના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઓબીસી અંગે અશોભનીય નિવેદન કર્યું છે. જેના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે.કોંગી નેતાએ કરેલા નિવેદનના વિરોધમાં જામનગરમાં ભાજપ ઓબીસી મોરચા દ્વારા લાલબંગલા સર્કલમાં સાંજે રાહુલ ગાંધીના પૂતળા દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પૂતળા દહન કરે તે પહેલા પોલીસે ભાજપના કાર્યકરોની અટકાયત કરી હતી. ભાજપના કાર્યકરોએ લાલબંગલા સર્કલમાં એકઠા થઇ સૂત્રોચ્ચાર કરી કોંગી નેતાએ વડાપ્રધાન અંગે કરેલા અશોભનીય નિવેદનનો વિરોધ કર્યો હતો.






# મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મ જયંતિ નિમિત્તે – જ્ઞાન જ્યોતિ પર્વ – આર્ય વીર દળ દિલ્હીની જ્ઞાન જ્યોતિ મશાલ મોટરસાઈકલ યાત્રા ટંકારા પહોંચી

## ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ અને આર્ય સમાજના રાષ્ટ્રીય પ્રવક્તા વિનય આર્યએ સ્વાગત કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

આર્ય વીર દળ દિલ્હી પ્રદેશ દ્વારા મહર્ષિ દયાનંદ સરસ્વતી ની ૨૦૦મી જન્મ જયંતિ - જ્ઞાન જ્યોતિ પર્વ નિમિત્તે એક વિશાળ જ્ઞાન જ્યોતિ મશાલ મોટરસાઈકલ યાત્રા ૬ ફેબ્રુઆરીના રોજ દિલ્હીથી નીકળીને આજે બપોરે ૩ વાગ્યે ટંકારા પહોંચી હતી. ટંકારાના ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ અને આર્ય સમાજના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી વિનય આર્ય દ્વારા ઉત્સાહી બાઇકર્સ નું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ યાત્રાની મશાલ એ જ છે જે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રગટાવી હતી.





આ ભવ્ય યાત્રા કાર્યક્રમમાં આર્ય સમાજની યુવા વિંગ આર્ય વીર દળ, યુનિવર્સલ આર્ય વીર દળ અને દિલ્હી આર્ય પ્રતિનિધિ સભા અને આર્ય સાહિત્ય પ્રચાર ટ્રસ્ટના પ્રાંતીય એકમના સહયોગથી ૨૦૦થી વધુ આર્ય વીર મોટરસાઈકલ, કાર, પ્રચાર વાહનો, ટેમ્પો અને અન્ય વાહનો દ્વારા ''જ્ઞાન જ્યોતિ મશાલ યાત્રા'' ના સ્વરૂપમાં દિલ્હી થી ટંકારા, ગુજરાત પહોંચી હતી. મહર્ષિ દયાનંદ સરસ્વતી જી જન્મભૂમિ એ પહોંચવામાટે ૬ ફેબ્રુઆરી ના રોજ સવારે ૭ વાગ્યે, આર્ય સમાજ બૃહદ કૈલાસ ભાગ તે -૧ થી આ યાત્રા નીકળી હતી.

આ સમગ્ર યાત્રા માં દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, ગુજરાતની આર્ય પ્રતિનિધિ સભા અને આર્ય વીર દળે પૂરેપૂરો ઉત્સાહ અને સહયોગ આપ્યો હતો.

પૂર્ણયાત્રા આર્ય વીર દળના દિલ્હી રાજ્ય નિયામક શ્રી જગવીર આર્યની અધ્યક્ષતામાં, મહામંત્રી શ્રી બૃહસ્પતિ આર્યના કાર્યક્ષમ નેતૃત્વ અને શ્રી વિવેક આર્ય (આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ)ના વિશેષ સહયોગ અને દિલ્હી આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ શ્રી ધરમપાલ આર્ય અને મહામંત્રી શ્રી વિનય આર્ય.ના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં માઁ રમાબાઈ આંબેડકર જન્મજંયતિ નિમિત્તે મહિલા મેડિકલ કેમ્પ યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગર અનુ જાતિ મોરચા ભારતીય જનતા પાર્ટી તથા ડોક્ટર સેલના સ્યુંકત ઉપક્રેમ દ્વારા જામનગર શહેર શંકર ટેકરી વણકર સમાજ વાડી ખાતે ત્યાગ મૂર્તિ માતા રામબાઈ આંબેડકર ની જન્મ જયંતી નિમિતે મહિલા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

જેમાં ૫૦૦ થી વધારે બહેનોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યુ સાથે ૧૦૦ જેટલી સગર્ભા બહેનોને પોષણ યુકતઆહાર ની કીટો આપવામાં આવી.મહિલા ઓ માટે અને મહિલાઓ દ્વારા આયોજન કરેલ નિશુલ્ક મેડિકલ કેમ્પ મા શહેર પ્રમુખ વિમલભાઈ કગથરા , જામનગર શહેર ના મેયર વિનોદભાઈ ખિમસુરીયા, ડેપ્યુટી મેયર કિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નિલેશ ભાઈ કડથરા,જામનગર મહાનગર અનુ.મોરચાના પ્રભારી વીરાભાઈ ગોરડીયા , અનુ.મોરચાના પ્રમુખ હરીશ ભાઈ ચૌહાણ, પ્રદેશ અનુ.મોરચા ગુજરાતના મંત્રી બાબુભાઇ ચાવડા ,શહેર સંગઠન ના ઉપાધ્યક્ષ રાજુભાઇ યાદવ તથા બંને મહામંત્રી વિજય પરમાર , દિપુભાઈ શ્રીમાળી , કોર્પોરેટર શારદાબેન વિંઝુંડા, કોર્પોરેટર મુકેશ ભાઈ માતંગ, કાયેક્રમ ના ઈન્ચાર્જ નયના બેન ચાવડા સહ ઈન્ચાર્જ મજુબેન ઝાલા ની વિશેષ ઉપસ્થિત વચ્ચે બહોળી સંખ્યામાં જામનગર શહેર ના અલગ અલગ વિસ્તાર માથી મહિલા ઓ અને સગેભા મહિલા ઓ એ નિશુલ્ક મેડિકલ કેમ્પ નો લાભ મળ્યો જામનગર મહાનગર શહેર સંગઠન તથા અનુ.મોરચા ના વોડે ના પદાધિકારી સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા આયોજન અંગે જહેમત ઉઠાવી કાયેક્રમ સફળ બનાવેલ હતો

# રાજુલાના ક્રિકેટર વિપુલ નારીગરાનો ઓટોગ્રાફ લેવા નેપાળના પોખરામા ચાહકો ઉમટી પડ્યા

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલાના ક્રિકેટર વિપુલ નારીગરા નેપાળના પોખરામા ગયા હોય આ દરમિયાન તેમના ચાહકો ઉમટી પડ્યા હતાં. વર્ષ ૨૦૧૭ માં મૂળ ગુજરાત અને વેલીયન્ટ ક્રિકેટર વિપુલ નારીગરાએ ટી ૨૦ કલબ ક્રિકેટમાં પોખરામાં જયારે વર્લ્ડ રેકોર્ડ ઇનિંગ રમીને ધમાલ મચાવી રેકોર્ડ બન્યો હતો જેમાં ૧૦ મી વિકેટ માટે વિપુલે ૧૬ બોલમાં ૪૦ રન અને ત્યાગીયે ૩૬ અને ૬ એક્સ્ટ્રા રન સાથે કલબ ક્રિકેટ ઈતિહાસમાં ૮૨ રનની વર્લ્ડ રેકોર્ડ પાર્ટનરશીપ થઇ હતી અને ત્યારથી જ નેપાળના પોખરામાં વિપુલ નારીગરાની લોકચાહના જોવા મળી રહી છે. ત્યાંના સ્કૂલ વિદ્યાર્થીઓ અને ક્રિકેટ રસિકો વિપુલને જોતા જ તેમનો ઓટોગ્રાફ લેવા માટે ઉમટી પડ્યા હતાં અને હાલ વિપુલ નારીગરાએ ખુબ જ લોકચાહના મેળવેલ છે



# મોરબીની ભાગ્યલક્ષ્મી સોસાયટીમાંથી ઈંગ્લીશ દારૂની આઠ બોટલ સાથે એકની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ભાગ્યલક્ષ્મી સોસાયટી સરકારી સ્કૂલની સામેની શેરીમાંથી આરોપી સુરેશભાઇ ભુપતભાઇ રાઠોડ ઉવ.૩૬ રહે.ભાગ્યલક્ષ્મી સોસાયટી સરકારી સ્કુલની બાજુમાં વેજીટેબલ રોડ મોરબી મુળ રહે.કંથારીયા તા.ચુડા જી.સુરેન્દ્રનગર પાસેથી પાસ પરમીટ કે આધાર વગર વેચાણ કરવાના ઇરાદે રાખેલ ઈંગ્લીશ દારૂની ૮ નંગ બોટલ કિ.રૂ.૪,૮૦૦/- સાથે સ્થળ ઉપરથી અટક કરવામાં આવી હતી. આ સાથે આરોપી વિરુદ્ધ મોરબી સીટી બી ડિવિઝનમાં પ્રોહી. હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ચોટીલાની સનસાઈન ઈંગ્લીશ સ્કૂલની મુલાકાત લેતાં ઈંગ્લેન્ડની શાળાના વિદ્યાર્થીઓ: સંચાલકો દ્વારા કરાયું સ્વાગત

## ઈંગ્લેન્ડની લાન્ચેસ્ટર ઈ. પી. પ્રાયમરી સ્કૂલ અને કિંગ્ઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું પ્રતિનિધી મંડળ ભારતની મુલાકાતે







**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

**ચોટીલા:** ચોટીલામાં આવેલ સન સાઈન ઇંગ્લિશ મિડીયમ સ્કૂલની મુલાકાતે સતત ૮માં વર્ષે ઇંગ્લેન્ડ(યુ.કે.) થી વિદ્યાર્થીઓનું પ્રતિનિધિ મંડળ આપણી સંસ્કૃતિ, અભ્યાસ પદ્ધતિ, રમતો, વ્યક્તિત્વ વિકાસ અને ખાસ આપણી રહેણી કરણી નિહાળવા ભારત આવ્યું હતું. આ પ્રતિનિધિ મંડળે ગુજરાતની મુલાકાત દરમિયાન ચોટીલાની ધા સન સાઈન ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ અને આદિત્ય વિદ્યાલય ના વાર્ષિક ઉત્સવમાં પણ ભાગ લીધો હતો. વદેશી મહિમાનોને જોઈને આપણાં લોકો ગદગદિત થઈ ગયા હતા.

આવેલ મહેમાનોનું સ્કૂલ પરિવાર દ્વારા સામૈયાથી સ્વાગત કરીને તિલક ચાંદલો કરીને ફૂલહાર પહેરાવી સ્વાગત કરતા વેદિશી બાળકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અને એકબીજા સામે જોઈને મંદ મંદ હસી ને રાજી થઈ રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આ મહેમાનોએ લોકોના મન મોહી લીધા હતા.

ચોટીલામાં આવેલ સ્વ. દરબારશ્રી દાદા ખાચર નાના ખાચર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સંચાલીત ધ સન સાઈન સ્કૂલ અને આદિત્ય વિદ્યાલયમાં નોર્થ ઇંગ્લેન્ડની લાંચેસ્ટર ઈ.પી. પ્રાયમરી સ્કૂલ અને કિંગ્ઝ સ્કૂલનુ પ્રતિનિધી મંડળ શુભેચ્છા મુલાકાતે આવેલ હતું. આ પ્રતિનિધિ મંડળમાં મૂળ ભારતીય મિસીસ વીણા સોની, ડેપ્યુટી લોર્ડ લેનેટ ઇંગ્લેન્ડ નોર્થ ઇંગ્લેન્ડ, ટેનિથ સ્ટેડમેન(લોઈડ) મિસ સારા વિધમ, મિસ ફિયોના સ્કોટ, મિસ્ટર પોલ સ્વીફ્ટ અને તેના ૮ શિક્ષકો અને ૨૫ વિદ્યાર્થીઓ એમ કુલ ૩૪ લોકોનું પ્રતિનિધિ મંડળ આવેલ હતુ. ઇંગ્લેંડથી આવેલ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ધ સન સાઈન સ્કૂલ અને આદિત્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સંસ્કૃતિને લગતા અને શિક્ષણને લગતા વિચારોની આપ લે કરે. તે હેતુથી શાળામાં સાંજે ૦૬:૦૦ કલાકે વાર્ષિક મહોત્સવનું(અક્ષક્ષીફહ શ્રીક્ષભશિંજ્ઞક્ષ) આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય ગુજરાત પ્રદેશ યુવા ભાજપ મંત્રી જયભાઈ શાહ અને આવેલ વિદેશી મહેમાનો તેમજ શાળાના સંચાલક મહાવીરભાઈ ખાચર, છત્રજીતભાઈ ખાચર દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓમાં આપણી સંસ્કૃતિનું વિનિમય થાય એકબીજાથી પરિચિત થાય ભાવિ પેઢી વૈશ્વિક નાગરિક તરીકે સમજદાર અને જવાબદાર બને તેવા હેતુથી ઇંગ્લેંડમાં ભારતના ગૌરવ સમાન મિસીસ વીણા સોની પ્રયત્ન કરે છે. મિસીસ વિણા સોની કે જેઓ બ્રિટીશ એમ્પાયર મેડલ ધારક એકમાત્ર એશિયન લેડી છે. કે જેઓ ઇંગ્લેન્ડના રાજા કે રાણીના ડેપ્યુટી લોર્ડ લેનેટ તરીકે સેવા આપી રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી મિસીસ વીણા સોની એ હેતુથી આ કાર્ય કરી રહ્યા છે કે ધ સન સાઈન સ્કૂલના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ઇંગ્લેંડમાં અભ્યાસ અર્થે જવા તૈયાર થાય તો તે સરળતાથી જઇ શકે અને ત્યાંની શિક્ષણ પ્રણાલીથી વાકેફ થાય. આ સમગ્ર મુલાકાતનું સંચાલન સન સાઈન સ્કૂલ તથા આદિત્ય વિદ્યાલયના સંચાલક દરબાર શ્રી મહાવીરભાઈ ખાચર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કુલજીતભાઈ ખાચર તેમજ આચાર્ય રમેશભાઈ પરમાર, હિતેશભાઈ ગંગવાણી,જગદીશભાઈ ઉતેળિયા અને સમગ્ર સન સાઈન સ્કૂલ તેમજ આદિત્ય વિદ્યાલયની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટની પંચશીલ સ્કૂલના કેતનભાઇ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા પર દુષ્કર્મ આચરી નગ્ન ફોટા વાયરલ કરનાર શખ્સને પાંચ વર્ષની સજા

## મહિલાએ સાત વર્ષ પહેલાં માલવીયાનગર પોલીસમાં માધવ પાર્કના પટેલ શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાયરલ કરવાના ગુનામાં ઝડપાયેલા શખ્સને કોર્ટે પાંચ વર્ષની સજા અને રૂ.૨૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં દોઢ સો ફૂટ રીંગ રોડ ઉપર માધવ પાર્કમાં રહેતા હેમંત ધનજીભાઈ પાંભર નામના શખ્સે પરિણીતા ઉપર દુષ્કર્મ આચરી પોતાના મોબાઈલમાં નિવસ્ત્ર ફોટા પાડી લીધા હતા અને જે ફોટા વાયરલ કર્યા અંગેની ભોગ બનનાર મહિલાએ તા.૨૫/૭/૨૦૧૭ ના રોજ માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે આરોપી હેમંત ધનજીભાઈ પાંભરની ધરપકડ કરી ૧ જેલ હવાલે કર્યો હતો જે કેસમાં તપાસનીશ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. જે કેસ ચાર્જશીટ બાદ સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતા ભોગ્રે? મહિલા, ડોક્ટર અને પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવી હતી અને સરકાર વકીલ દ્વારા લેખિત દસ્તાવેજી પુરાવા અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો અહેવાલ રજૂ દલીલ કરી હતી કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને આરોપીએ ફરિયાદી મહિલાના નિવો ફોટા પાડી મોબાઈલ મારફતે વાયરલ કરી ખૂબ જ ગંભીર પ્રકારનો ગુનો કર્યો છે. અને નીવસ્ત્ર ફોટા જે મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટમાંથી પાડવામાં આવ્યા હતા તે મોબાઈલ એફએસએલમાં મોકલવામાં આવ્યો હતો અને એફએસએલ દ્વારા કરવામાં આવેલ ચકાસણીમાં પણ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો આમ સોગંદ ઉપરની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પ્રોસિક્યુશન દ્વારા તેમનો કેસ સાબિત કરવામાં આવ્યો છે જેવી સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ સેશન્સ જજ જે.ડી. સુધારે આરોપી હેમંત ધનજીભાઈ પાંભરને પાંચ વર્ષની સજા અને રૂ.૨૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# હું રાજકોટનો જેટલો આભાર માનું તેટલો ઓછો છેઃનરેન્દ્ર મોદી

## રાજકોટ મનપા તથા રૂડાના સંયુક્ત ઉપક્રમે વડાપ્રધાન મોદીના હસ્તે આવાસોના ઈ–લોકાર્પણ કાર્યક્રમ યોજાયો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તાના સંયુક્ત ઉપક્રમે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં આવાસોના ઈ–લોકાર્પણ તથા આવાસો ફાળવણી ડ્રો કાર્યક્રમ યોજાયો હતો રાજકોટમાં રેલનગર મેઈન રોડ પર, બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર ખાતે, શેઠ હાઈસ્કૂલ ખાતે તથા પુનિતનગર પાણીના ટાંકા સામે આ કાર્યક્રમનું આયોજન મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરાયું હતું જેમાં કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઈ કુંડારિયા, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ, ડો.ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, રાજકોટ મનપા કમિશનર આનંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ લાભાર્થીઓ સાથે સંવાદ ક્યો હતો તેમણે જણાવ્યું હતું કે હું રાજકોટનો આભાર માનું તેટલો ઓછો છે. આ રાજકોટએજ પ્રથમવાર મને ધારાસભ્ય બનાવ્યો હતો. તેઓએ લાભાર્થીઓને જણાવ્યું હતુંકે જે લાભાર્થીઓને મદદ મળી છે. તે બીજાની મદદ કરે વિકસિત ભારત સાથે વિકસિત ગુજરાતનું સપનું સાકાર કરે રાજકોટમાં મહાપાલીકા દવારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ ૨૩૦૪ આવાસોનું ઈ–લોકાર્પણ કરાયું હતું તેમજ વેઈટીંગ લિસ્ટના લાભાર્થીઓને ૫૫૨ આવાસો ફાળવણીનો કોમ્પ્યૂટરરાઈઝડ ડ્રો તથા રૂડા દવારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત નવનિર્મિત ૪૯ આવાસોનું ઈ–લોકાર્પણ તેમજ ૧૪૩ આવાસો ફાળવણીનું ડ્રો યોજાયો હતો.

# લંડનથી ફરવા આવેલા એનઆરઆઈ વૃધ્ધાનું હોટલમાં બેભાન થઈ જતા મોત

# પુનીતનગરમાં ઉંઘમાં હાર્ટએટેક આવતા આશાસ્પદ યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ફરવા આવેલા લંડનના વૃધ્ધાનું હોટલમાં હાર્ટએટેકથી મોત થયુ છે જ્યારે પુનીતનગરમાં યુવક સુતા બાદ ઊંઘમાં જ હૃદય રોગનો હુમલો આવી જતા મોત નીપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના યાજ્ઞિક રોડ ઉપર આવેલ હોટલમાં મુસાફર તરીકે ઉતરેલા કુસુમબેન જયંતીભાઈ ખગરામ ઉ.૮૦ નામના એનઆરઆઈ વૃધ્ધા સવારે સાડા આઠેક વાગ્યે બેભાન થઈ જતા સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ અહીં મૃત્યુ થયાનું તબીબોએ જાહેર કરતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ ડીવીઝન પોલીસને જાણ કરી હતી પ્રાથમિક તપાસમાં મૃતક લંડનના વતની હોવાનું અને અહીં પતિ સાથે ફરવા આવ્યા હોવાનું તેમજ હાર્ટએટેકથી મોત થયું હોવાનું જાણવા મળ્યું છે પોલીસે મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં રખાવી મૃતદેહ લઇ જવા એમ્બાર્ટમેન્ટની પ્રક્રિયા કરવામાં આવી હતી જ્યારે પુનીતનગરમાં રહેતા અશોકસિંહ ચંદુભા ચૂડાસમા ઉ.૩૭ ઘરે સુતો હતો ત્યારે ઊંઘમાં જ હૃદય રોગનો હુમલો આવી જતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ અહીં મૃત જાહેર કરતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે યુવકના મોતથી એક પૂત્ર અને એક પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યુ છે.

# રાજકોટ જિલ્લામાં અનેક આંગણવાડીઓમાં પીવાના પાણીના આરો ફિલ્ટર પ્લાન્ટ બંધ હાલતમાં !

## રાજકોટ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગશે?





**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંકઃ** રાજકોટ જિલ્લા મા અઆશરે ૧૩૦૦ થી વધુ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. આ ઘણી બધી આંગણવાડી ઓ બાળકો ના પીવા ના પાણી આરો ફિલ્ટર પ્લાન્ટ બંધ હાલત મા પડ્યા છે અમુક આંગણવાડી ઓ મા તો ફીટ પણ કરવાના લાંબા સમય થી બાકી છે તો અમુક આંગણવાડી ઓ મા તેના પાણી સ્ટોક કરવા માટે ટાંકી ઓ નથી પાણી મોટરો અમૂક કેન્દ્રો મા નથી તો અમુક કેન્દ્રો બધું હોવા છતા ચાલુ કરતા નથી અમુક આંગણવાડી કેન્દ્રો મા બંધ હાલત મા ફિલ્ટર પ્લાન્ટ પડ્યા છે.

આંગણવાડી કેન્દ્રો આવતા બાળકો ને ફિલ્ટર પાણી પીવા માટે મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ હોય પણ રાજકોટ જિલ્લા મા જિલ્લા કક્ષાએ બેઠેલા જવાબદાર અધિકારીઓ નબળા મોનીટરીંગ ના લીધે ઘણી બધી આંગણવાડી કેન્દ્રો બાળકો ને ફિલ્ટર પાણી પીવા મળતું નથી. રાજકોટ જિલ્લા ના ઘણી બધી આંગણવાડી ઓ મા પીવાના પાણી માટે આરો ફિલ્ટર લગાવેલ છે તે શોભા ના ગાંઠીયા સમાન છે.

# ધોરાજી રોડ પર બાઈક ડીવાઈડર સાથે અથડાતા જેતપુરના યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરના નવાગઢમાં રહેતો યુવાન કાનના દુખાવાની દવા લેવા માટે પેઢલા જઈ રહ્યો હતો ત્યારે ધોરાજી રોડ ઉપર બાઈક ડિવાઇડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જેતપુરના નવાગઢમાં આવેલા કારખાનામાં કામ કરતો ગોપાલ પ્રહલાદભાઈ ઠાકોર નામનો ૧૮ વર્ષનો યુવાન બે દિવસ પૂર્વે કારખાનામાં હતો ત્યારે તેને કાનમાં રસી થઈ જતા તે સાંજના સાતેક વાગ્યાના અરસામાં બાઈક લઈ પેઢલા ગામે દવા લેવા જતો હતો ત્યારે ધોરાજી રોડ ઉપર તાત્કાલિક હનુમાનજી મંદિર પાસે પહોંચતા ગોપાલ ઠાકોરે ડ્રાઈવિંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે જેતપુર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં યુવકની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ટૂંકી સારવાર દરમિયાન ગોપાલ ઠાકોરે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી પ્રાથમિક પૂછપરછમાં મૃતક ગોપાલ ઠાકોર બે ભાઈ બે બહેનમાં નાનો હતો. અને તેને કાનમાં રસી થઈ જતા પેઢલા ગામે દવા લેવા જતો હતો ત્યારે જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નર્સીંગની છાત્રા સાથે શખ્સે હોટલમાં બોલાવી દુષ્કર્મ આચર્યુ

## પરીક્ષા આપવા બેંગ્લોર જતી વેળાએ શખ્સ નંબર મેળવી પરિચય કેળવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહેતી અને નર્સીંગનો કોર્ષ કરતી યુવતી સાથે પરીચય મેળવી લગ્ન માટે પરીચીત પાસે વિડીયો શુટીંગ કરાવી દઈ સીડી આપવાના બ્હાને ત્રિકોણ બાગ પાસેની હોટલમાં બોલવી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી ફોટા -વિડીયો ઉતારી વારંવાર રાજકોટ અને બેગ્લોરની હોટલોમાં દુષ્કર્મ ગુજાર્યાની ફરીયાદના આધારે તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ યુવતીએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે જુનાગઢના કેશોદ રહેતો અને રાજકોટમાં નર્સીંગનો કોર્ષ કરતા ગીરીશ કાઠાણીનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં વધુ જણાવ્યુ હતુ કે તેને ૧૧ વર્ષ પહેલા કોર્ટમાં લગ્ન કરી લીધા હોય અને નર્સીંગનો કોર્ષ કરતી હોય સાથે કોર્ષ કરતા ગીરીશ સાથે પરીચય થયો હતો અને સાથે પરીક્ષા આપવા ટ્રેનમાં બેગ્લોર જતા હોય કોન્ટેક કરી મોબાઈલ નંબર મેળવી વાતો અને મેસેજ કરતા હોય ત્યાર બાદ બે વર્ષ પહેલા તેના પતિ સાથે સમુહમાં લગ્ન કરેલ હોય અને તેના વિડીયો શુટીંગ માટે ગીરીશના પરીચય સાથે વાત ચીત કરી હતી જેની સીડી ગીરીશ આપતો ન હોય અને તેના માટે હુ કહુ ત્યા મળવા માટે આવવાનુ કહયુ હતુ ત્યાર બાદ ગીરીશ રાજકોટ આવ્યો હોય અને તને ત્રિકોણ બાગ પાસે મારૂતી હોટલમાં બોલાવી હતી ત્યા જતા તેને વાતચીત કરી જબરદસ્તી કરી રૂમમાં દુષ્કર્મ આચર્યુ હતુ ત્યાર બાદ તેને રૂમમાં ફોટા અને શુટીંગ ઉતારી વાયરલ કરવાની ધમકી આપી હતી અને અવાર–નવાર હોટલમાં બોલાવી શરીર સંબધ બાંધતો હોય દરમ્યાન જાન્યુ.માં બેગ્લોર સ્ટાફ સાથે પરીક્ષા આપવા જતા ત્યા ગીરીશએ આશ્રય હોટલમાં ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હતુ અને મારી સાથે સંબંધ નહી રાખે તો તારા પરીવારને ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી તેમજ ફોન કરી હેરાન કરતો હોવાનુ જણાવતા પી.એસ.આઈ. ત્રાજીયા સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# રાજકોટના પુજારા ટેલિકોમમાં લોકકલાકાર આદિત્ય ગઢવી દ્વારા રિયલમી ૧૨ પ્રો સિરીઝનો મોબાઈલ લોન્ચ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજની યુવા પેઢીની વિશેષ પસંદ અને જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે રિયલમી ૧૨ પ્રો સિરીઝનો 5G મોબાઈલનું ગઈકાલે લોન્ચિંગ કરાયું હતું.રાજકોટમાંના પુજારા ટેલિકોમમાં લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો.ગુજરાતી ગાયકીમાં યુવા શિરમોર એવા લોક કલાકાર આદિત્ય ગઢવીના હસ્તે હાલના સમયમાં મોબાઈલમાં શિરમોર રિયલમી ૧૨ પ્રો સિરીઝનો પત્રદ્ર અને રિયલમી ૧૨ પ્રો પ્લસ સિરીઝનો પત્રદ્રનું લોન્ચિંગ કરાર્યું હતું.

રિયલમી ૧૨ પ્રો સિરીઝ 5Gના લોન્ચિંગ કાર્યક્રમમાં સાક્ષી બનવા માટે ૨૦૦થી વધુ ચાહકો એકઠા થયા હતા અને આ કાર્યક્રમને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. આ પ્રસંગે પ્રશંસકો રિયલમી તરફથી નવીનતમ ફીચર્સનો લાઇવ ડેમો નીહાળવા અને આદિત્ય ગઢવીની એક ઝલક મેળવવા આતુર હતા. આ ઉપરાંત મુખ્ય મહેમાન તરીકે રિયલમી ઇન્ડિયાના ડિરેકટર તારીણી દાસ, રિયલમી ઈન્ડિયા એલએફ આર હેડ પુનિત ચતુર્વેદી તથામેનેજમેન્ટ ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પૂર્વે પુજારા ટેલીકોમનાં ચેરમેન યોગેશભાઈ પુજારાએ ઉપસ્થિત મહેમાનોનું હુંફાળો સ્વાગત કર્યું હતું.

આદિત્ય ગઢવીના હસ્તે લોન્ચ થયેલા રિયલમી ૧૨ પ્રો સિરીઝ પત્રદ્રના ફોન મેળવવા માટે ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. રિયલમી ૧૨ પ્રો સિરીઝ 5G મોબાઇલ ટેક્નોલોજીની દુનિયામાં અગ્રેસર છે તે વધુ એક વખત સાબિત થયુ છે. રિયલમી ૧૨ પ્રો સિરીઝ પત્રદ્રની વિશેષતામાં સોની ટેલિફોટો પોટ્રેટ કેમેરા ૨ડ ઓપ્ટિકલ ઝૂમ, 120Hz કર્વ્ડ વિઝન ડિસ્પ્લે, સ્નેપ ડ્રેગન ૬ જન ૧ 5G ચિપસેટ, પ્રીમિયમ કારીગરી સાથે વૈભવી ઘડિયાળ ડિઝાઇન મુખ્ય છે .

પૂજારા ટેલિકોમ, સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ૩૫૦થી વધુ સ્ટોર્સ સાથે પશ્ચિમ ભારતમાં અગ્રણી અને સૌથી વિશ્વસનીય મોબાઇલ અને ટેક રિટેલર તરીકે પ્રખ્યાત છે. તેના ગ્રાહકોને નવીનતમ અને સૌથી અદ્યતન તકનીક ઓફર કરવા માટે સ્ટોરની પ્રતિબદ્ધતા છે.રિયલમી અને પુજારા ટેલિકોમ મજબૂત ભાગીદારી ધરાવે છે અને આ લોન્ચિંગ કાર્યક્રમે આ જોડાણને વધુ મજબૂત બનાવ્યું છે.રિયલમી ૧૨ પ્રો સિરીઝ 5G સમગ્ર ભારતમાં તમામ પૂજારા ટેલિકોમ સ્ટોર્સ અને અન્ય અધિકૃત રિયલમી રિટેલર્સ પર આકર્ષક ઑફર્સ સાથે ઉપલબ્ધ છે.

# રૂા. ૩ કરોડનો ખોટો આરોપ નાખી વેપારીને બદનામ કરનાર ધકાણ દંપતી સામે પોલીસમાં ફરિયાદ દાખલ

## ધંધામાં ખોટ જતાં સ્ત્રી કાયદાનો દૂરઉપયોગ કરી, ખોટી અરજી કરી હોવાની સોની વેપારીએ પત્રકાર પરિષદમાં માહિતી આપી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આફ્રિકામાં સોનાની ખાણમાં રોકાણના નામે ૩ કરોડની છેતરપિંડીના આક્ષેપ કરી પોલીસમાં અરજી કરી સોની વેપારીને બદનામ કરનાર દંપતી સામે પોલીસ ગુનો નોંધ્યો છે. જ્યારે આ મામલે ફરિયાદી હિતેશભાઈ ચીમનભાઈ સાગર દ્વારા વધુ માહિતી આપવા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં તેને જણાવ્યું હતું કે, આરોપી જયેશ પ્રાણલાલ ધકાણ જયેશના પત્ની એકતાબેન સાથે વેસ્ટ આફ્રિકામાં હિટાચીના ધંધામાં ૬૦ લાખનું તથા જયેશના વેવાઈ ચિરાગ નાણાનું વળતર માગી ઘરે અને રૂબરૂ આવી ધમકી આપીને પોતે બદનામ થાય એ રીતે ૩ કરોડ રૂપિયા તફડાવી લીધાના આક્ષેપો કરી યુનિ. પોલીસ મથકમાં અરજી કરી હતી. હિતેષ ભાઈ ભારતની બહાર વેસ્ટ આફ્રિકામાં હિટાચી તથા હોન્ડાઈ કંપનીના સાધનો ભાડે આપવાનું કામ કરે છે. પરિચીત એવા જયેશ સાથે જેસીબી મશીન ખરીદ કરી આફ્રિકાના કોનાકટી (ગીની) ખાતે મુકવાનું નકકી કરી જયેશની સહમતી સાથે ૬૦ લાખનું રોકાણ કયુ હતું. જેમાં ધંધામાં નુકશાની જતાં દંપતી દ્વારા વેપારીને બદનામ કરવા ત્રણ કરોડ રૂપિયાનું રોકાણ કરીને નાણા ફસાવી લીધાની સાથેની પોલીસ કમિશનરને લેખીત ફરિયાદ કરી હતી. જેથી તેમણે યુનિવર્સિટીમાં ફરિયાદ કરતાં પોલીસ ગુંનો નોંધી કાર્યવાહી કરી છે.

# લાલપુર તાલુકાના સણોસરી ગામમાં બાળકો માટે તમાકુ વિરુદ્ધ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ સેલ જામનગરની ટીમ દ્વારા સમગ્ર જામનગર જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. લાલપુર તાલુકાના ભણગોર પી.એચ.સી.ના સણોસરી ગામ ખાતે શાઈનીંગ સ્ટાર પ્રાથમિક અને માધ્યમિક શાળામાં તમાકુ વિરુદ્ધ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં, તમાકુથી થતાં નુકસાન વિષે બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ તમાકુ નિયંત્રણ અધિનિયમ- ૨૦૦૩ અંતર્ગત કાયદા વિષે અને વ્યસન મુક્તિ વિષે માર્ગદર્શન, આઈ.ઈ.સી. એક્ટિવિટી વકતૃત્વ સ્પધો, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયુંહતું. કાર્યક્રમના અંતે વિજેતા બાળકોને ઈનામ વિતરણ અને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો.

જી.જી.સરકારી હોસ્પિટલ, જામનગરમાંથી માનસિક આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બાળકોને માનસિક બીમારીઓ વિષે માહિતી, માર્ગદર્શન અને તેના ઉપચાર વિષે જાગૃત કરાયા હતા. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમના જિલ્લા કક્ષાના કાઉન્સેલર નઝમાબેન હાલાએ tobacco free education institutions કરવા માટેની કામગીરી વિષે શાળાના સ્ટાફગણને માર્ગદર્શન આપ્યું હતું.

# ઊના તોડકાંડમાં આરોપી પોલીસ પકડથી દૂરઃ માજી ધારાસભ્યના પોલીસ પર ગંભીર આક્ષેપ

## પી.આઈ એન કે ગોસ્વામી ASI નિલેશ મૈયાની ધરપકડ કરવા પ્રાંતને આવેદનઃ પોલીસ કયા કારણોસર ગુનેગારને પકડતી નથીઃ લોકોમાં ચર્ચાતો પ્રશ્નઃ આ તોડકાંડમાં કોઈ બીજા અધિકારીનું નામ ખુલે તેવી સંભાવના





**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊનાઃ** ઉના વિસ્તારમાં આવેલ સર્કિટ હાઉસમાં આજે માજી ધારાસભ્ય પુંજા ભાઇ દ્વારા કારોબારી મિટિંગ મળી જેમાં માજી ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા અનેક પોલીસ આક્ષેપ કર્યા જેમાં ઉનાનું ખૂબ ચર્ચિત તોડકાંડમાં આરોપીઓને પકડો જેનેલ લઈને સર્કિટ હાઉસ ખાતે મીટીંગ મળી જેમાં કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા બહારથી આવેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા માજી ધારાસભ્ય પુંજાભાઈએ કહ્યું રેતી પણ બેફામ ચાલતી હોય છે રાત્રિ દરમિયાન ટ્રેક્ટરો બેફામ ચાલે છે મને ફોન પણ આવે છે આખી રાત ટ્રેક્ટર ચાલવાના કારણે સોસાયટીના રહીશો પણ પરેશાન છે ત્યારે તેઓએ બીજી વાત પણ કહી જૂનાગઢના તોડકાંડમાં પીએસઆઇ પકડાઈ જતો હોય તો ઉના તોડકાંડના મુખ્ય આરોપી પી.આઈ અને એ એસ આઈ કેમ પકડાતા નથી તો તેમાં ક્યાંક ને ક્યાંક પોલીસતે આરોપીઓને છાવડતી હોય તેઓ સ્પષ્ટ દેખાય છે તેમજ ઉનાની પરિસ્થિતિ ખૂબ ભયાનક છે બેફામ રીતે બધું ચાલતું હોય છતાં તંત્ર ચૂપ છે આવું કેમ પણ મારા ભાગે જે આવતું હોય તે હું ચોક્કસ કરીશ અને આવા લોકો પર કાર્યવાહી કરવા આજે માજી ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા આવેદનપત્ર પાઠવી ધારદાર રજૂઆત કરી છે.

# અલ્કા સોસાયટીમાં યુવાને અગમ્ય કારણસર ફિનાઈલ ગટગટાવ્યું



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે દૂધ સાગર રોડ પર હૈદરી ચોક પાસે રહેતો સમીર અફજલ માજોઠી (ઉ.વ.૧૯)નામનો યુવાન ગઈકાલે સાંજે ચાર વાગે અલ્કા સોસાયટીમાં પતજંલી સ્કૂલ પાસે હતો ત્યારે કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો બનાવના પગલે માલવિયા નગર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

# કાલાવડ રોડ પર એમટીવી પાસે આઈ-૧૦ કારમાં ૬૦ બોટલ દારૂ સાથે બુટલેગર ઝડપાયો

## દીપ્તીનગરમાં રીક્ષામાં વિદેશી દારૂની ડિલિવરી આપવા આવતા બે શખ્સોની ધરપકડઃરીક્ષા સહિત ૬૫ હજારનો મુદામાલ કબજે




**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કાલાવડ રોડપર આવેલા એમટીવી હોટલ પાસે કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે અને દિપ્તીનગરમાં રીક્ષામાં દારૂની ડિલિવરી આપવા આવેલા બે શખ્સો સહિત ત્રણની પોલીસે ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ તાલુકા પોલીસના પીઆઈ પટેલની સુચનાથી પીએસઆઈ પી.બી.ત્રાજીયા એએસઆઈ જે.ડી.વાઘેલા સહિતનો સ્ટાફ કાલાવડ રોડ પર અવધના ઢારીયા પાસે વોચમાં હતા ત્યારે કાલાવડ રોડ પર એમટીવી તરફથી કટારીયા ચોકડી તરફ આઈ-૧૦ કારમાં એક શખ્સ શંકાસ્પદ નિકળતા પોલીસે કારનો પીંછો કરી અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૬૦ બોટલ મળી આવતા પોલીસે કારના ચાલક દિલુ જેઠુ તકમળીયા રહે કણકોટ પાટીયા પાસે ગુજરાત હાઉસીંગ ક્વાર્ટર નામના શખ્સની ધરપકડ કરી કાર સહિત રૂ.૧.૩૬ લાખનો મુદામાલ કબજે કર્યો છે.

જ્યારે એક બનાવમાં ભક્તિનગર પોલીસના કોન્સ્ટેબલ યુવરાજસિંહ તથા યોગીરાજસિંહ અને વિશાલભાઈ સહિતનો સ્ટાફ દિપ્તીનગર મેઈન રોડ પર માધવ હોલ પાસે હતા ત્યારે બે શખ્સો રીક્ષામાં વિદેશી દારૂની ડિલિવરી આપવા આવતા હોવાની હકીક્તના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક રીક્ષામાં બે શખ્સો શંકાસ્પદ નિકળતા પોલીસે રીક્ષાનો પીંછો કરી અટકાવી તલાશી લેતા તેમાંથી અલગ અલગ બ્રાંડની ૫૦ બોટલ વિદેશી દારૂની મળી આવતા પોલીસે રીક્ષા ચાલક સંજય ગગજી ચૌહાણ (રહે.ગાયકવાડી જંક્શન રોડ)તથા મોહિત બટુક બારીયા (રહે.કુવાડવા રોડ ચામુંડાનગર)નામના બંને શખ્સોની ધરપકડ કરી રીક્ષા સહિત રૂ.૬૫ હજારનો મુદામાલ કબજે કર્યો છે.

# શહેરમાં છેલ્લા બે વર્ષમાં સાત ઘરફોડ ચોરીને અંજામ આપનાર નામચીન તસ્કર ઝડપાયો

## ડીસીપી-ઝોન-૨ એલસીબી ટીમને મળેલી સફળતાઃપોલીસે બાતમીના આધારે શીતલ પાર્ક મેઈન રોડ પરથી નામચીન તસ્કરને દબોચી લઈ રૂ.૮.૪૬ લાખનો મુદામાલ કબજે કર્યો



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના અલગ અલગ વિસ્તારોમાં રેકીકરી બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો લાખોની માલમત્તા ચોરી કરી જતા હોવાની ઘટના પ્રકાશમાં આવી હોય અને પોલીસના નાઈટ પેટ્રોલીંગ પર સવાલો ઉઠવા પામ્યા હોય જેથી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની સૂચનાથી મિલક્ત વિરોધી ગુના અટકાવવા અને આરોપીઓને તાત્કાલીક ધોરણે ઝડપી લેવાની સૂચનાના પગલે ડીસીપી-ઝોન-૨ એલસીબી ટીમે શીતલ પાર્ક મેઈન રોડ પરથી નામચીન તસ્કરને દબોચી લઈ રૂ.૮.૪૬ લાખનો મુદામાલ કબજે કરી શહેરમાં છેલ્લા બે વર્ષમાં થયેલી સાત મોટી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરના બજરંગવાડી શેરી નં.૧૦માં આવેલ કલ્યાણ પાર્કમાં એક રહેણાંક મકાનમાં રૂ.૨.૯૫ લાખની ચોરીનો બનાવ બન્યો હોય જેનાપગલે ડીસીપી-ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલા હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ કોન્સ્ટેબલ મનિષભાઈ, જેન્તીગીરી, ધર્મરાજસિંહ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી આસપાસના રહેણાંક વિસ્તારમાં ખાનગી સીસીટીવી ફૂટેજ મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તે દરમિયાન શિતલ પાર્ક મેઈન રોડ પર આવેલ ઉગતાપોરની મેલડી માતાજીના મંદિર પાસેથી રીક્ષા ચલાવીને નિકળેલો શિવા જેરામ વાજેલીયા (રહે.ખડધોરાજી નિકાવા ગામ)ના શખ્સને અટકાયતમાં લઈ આકરી પૂછપરછ કરતા આ નામચીન શખ્સે છેલ્લા બે વર્ષમાં જામનગર રોડ પર પરાસર પાર્ક, કૃષ્ણાનગર સોસાયટી, બજરંગવાડી સહિતના વિસ્તારોમાં સાત ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હોવાની કબૂલાત આપતા પોલીસે તેની પાસેથી રૂ.૮.૪૬ લાખનો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# નાગલપરમાં દલિત સમાજના સ્મશાનની જગ્યામાંથી એપ્રોચ રોડ કાઢવા સામે પ્રચંડ વિરોધ

## પગલા નહીં લેવાય તો આંદોલનના મંડાણઃ સરપંચ અને આગેવાનો દ્વારા કલેકટર સમક્ષ ધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીકના નાગલપર ગામે અનુજાતિના સ્મશાનની જગ્યામાંથી એપ્રોચરોડ કાઢવાની પેરવી થતા તેની સામે જબ્બર વિરોધ ઉઠવા પામેલ છે.આ મામલે જો યોગ્ય પગલા નહીં લેવાય તો ઉગ્ર આંદોલનના મંડાણ કરાશે તેવી ગ્રામ અગ્રણીઓ દ્વારા ચેતવણી આપવામાં આવી છે. નાગલપર ગામના સરપંચ મનોજભાઈ ચૌહાણ તથા નરેશભાઈ સાગઠીયા, જગદીશ સાગઠીયા, હેમંત સોઢા સહિતના આગેવાનોએ આજે કલેકટર કચેરી ખાતે જી.આઈ.ડી.સી.દ્વારા એપ્રોચ રોડ કાઢવાની પ્રક્રિયા ચાલી રહી હોય અને આ સ્મશાન કાયમી ધોરણે ખંડીત અને નુકશાન પામવાની શક્યતા હોય તેમજ અનુ.જાતિના કોઈપણ વ્યકિતના અવસાન સમયે આ સ્મશાનમાં તેની દોડી આવી આ અંગે કલેકટર પ્રભવ જોશીને આવેદન પત્ર સુપ્રત કર્યુ હતું. આગેવાનોએ જણાવ્યું હતું કે નાગલપર ગામે આવેલ આ અનુજાતિનું સ્મશાન રાજાશાહી વખતનું છે અહીં નાના મોટા ઓટા, ઉપરાંત ખસેડી માતાજી મંદિર તેમજ સમાધી અને ડેરા આવેલ છે.હાલ આ સ્મશાન વાળી જગ્યામાં વિધી કરવામાં આવતી હોય જો આ જગ્યામાં એપ્રોચ રોડ કાઢવામાં આવે તો આ સ્મશાનની જગ્યા નાશ પામે તેમ છે અને અનુ જાતિના લોકોને તેના કારણે અન્ય કોઈ જગ્યાએ સ્મશાનની જગ્યા ન હોય તેથી પારાવાર હેરાનગતિ ભોગવવી પડે તેમ છે. જેથી આ અનુ.જાતિના લોકોનું સ્મશાન યથાવત રહે અને રોડની કામગીરીઆ જગ્યાએ તાત્કાલીક અસરથી રોકી અન્ય રીતે તેનો નિકાલ કરવામાં આવે તેવી તેઓએ માંગણી ઉઠાવી છે.

# જૂનાગઢમાં બે કીલો ગાંજા સાથે બે શખ્સોની પોલીસે કરી ધરપકડ

## એસઓજીની ટીમે બાતમીના આધારે દબોચી લઈ બાઈક સહિત કુલ રૂા.૪૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ ભવનાથ વિસ્તારમાંથી બે ઇસમોને નશીલા ગાંજાના જથ્થા સાથે જૂનાગઢ એસ.ઓ.જી.ની ટીમે પકડી પાડી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ એસ.ઓ.જી. જૂનાગઢના પોલીસ સબ ઇન્સ. એસ.એ.સોલંકી તથા એસ.ઓ.જી સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય એસ.ઓ.જીના પોલીસ સબ ઇન્સ. એસ.એ.સોલંકી તથા એ.એસ.આઈ. એમ.વી.કુવાડીયા તથા પો. હેડ કોન્સ. એ.સી.વાંકનાઓને સંયુક્તમાં ખાનગીરાહે ચોક્કસ બાતમી મળેલ કે જયેશ રામજીભાઈ ગોસીયા રહે. જૂનાગઢ, જોષીપરા તથા મુકેશગીરી સન્યાસી સાધુ રહે. જૂનાગઢ ભવનાથ વાળાઓ ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો લઈને સ્પ્લેન્ડર મોટર સાયકલમાં જૂનાગઢ, ભવનાથમાં ગીરનાર સીડી પાસે આવનાર છે જે બાતમી આધારે એસ.ઓ.જી. ટીમ ભવનાથ વિસ્તારમાં વોચમાં રહેલ તે દરમ્યાન ભવનાથ મંદિર તરફના રોડેથી એક ડબલ સવારી મોટરસાયકલ આવતી જોવામાં આવતા આ મોટરસાયકલ બાતમીવાળી હોવાની ખાત્રી થતા તુરંત જ કોર્ડન કરી બન્ને ઇસમોને રોકી નીચે ઉતારી તેઓની ઝડતી તપાસ કરતા તેઓ બન્ને પાસેથી વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો (મેરીજુઆના/હસીસ) ૨.૦૨૭ કિ.ગ્રા. કિ.રૂ. ૨૦,૨૭૦. તથા વજન કાંટો કિ.રૂ.૨૦૦, તથા મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ.૫,૦૦૦.તથા મોટરસાયકલ નંગ-૧ કિ.રૂ.૨૦,૦૦૦. મળી કુલ કિ.રૂ.૪૫,૪૭૦.ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જે મુદ્દામાલ કબ્જે કરી ભવનાથ પોલીસ ઝડપાયેલા જયેશ રામજીભાઈ ઘોસીયા તથા મુકેશગીરી ગુરૂ રાજનારાયણગીરી ઉ.વ.૩૬ એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો રજી. કરાવેલ છે તેમજ આગળની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# વેપારીને હનિટ્રેપમાં ફસાવી રૂા.૬.૭૭ લાખનો તોડ કરનાર બે શખ્સો ઝડપાયાઃ યુવતીની શોધખોળ

## પાન-બીડીના ધંધાર્થીને ગૌરીદડ મસાજ માટે યુવતીએ બોલાવી સસ્પેન્ડેડ હોમગાર્ડ સહિત બે શખ્સોએ નકલી પોલીસ બની કારસ્તાન રચ્યુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા વિસ્તારમાં રહેતા પાન-બીડીના વેપારીને પ્રેમજાળમાં હસાવી યુવતીએ મસાજ કરાવવા ગૌરીદડ બોલાવ્યા બાદ નકલી પોલીસ બની આવેલા બે શખ્સોએ ગાંજાના કેસમાં હીટ કરી દેવાની ધમકી આપી રૂા.૬.૭૭ લાખ પડાવી લીધા હતા. જે અંગે આજીડેમ પોલીસ મથકમાં હરિયાદ નોંધાવતા પોલીસ બની તોડ કરનાર સસ્પેન્ડ હોમગાર્ડ સહિત બે શખ્સોને ગણતરીની કલાકોમાં જ ઝડપી પાડી પોલીસે સુત્રધાર યુવતીની શોધખોળ હાથ ધરી છે.

કોઠારીયા વિસ્તારમાં રામનગરમાં રહેતા અને રણુજા મંદિર પાસે અવધ સેલ્સ નામે પાન, બીડી, તમાકુની એજન્સી ચલાવતા હસમુખભાઈ દુદાભાઈ રૈયાણીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૭ના રોજ સવારે તેની એજન્સીએ હતો ત્યારે તેને એક ફોન આવ્યો હતો જેમા તેને પટેલની દિકરી ભોલુ છુ અને તમે સેવાનુ કામ કરો છો કહી વાતો કરી હતી ત્યાર ભાદ તેને ગવરીદળ ગામે ભોલાવ્યો હતો. જેથી એક નંબર વગરના એકટીવામાં આવેલ યુવતીએ મોઢા પર ચુંદડી બાંધી હોય તેને બાઈક પાર્ક કરી તેની પાછળ બેસી જવાનું કહેતા તે બેસી જતા તેને મોરબી રોડ પર લઈ જઈ એક મકાન પાસે ઉભા રહેતા બે શખસો ધસી આવી તેને પકડી મકાનમાં લઈ ગયા હતા અને પુવતીને અન્ય રૂમમાં રાખી હોવાનુ કહી પોતાની ઓળખ પોલીસ તરીકે આપી તમે બન્ને ગાંજો વેંચો છો કહી મારકુટ કરી કપડા કઢાવી વિડીયો ઉતારી સાહેબ આવી ગયા છે અને યુવતીને પોલીસ મથકે લઈ ગયા છે. તારે આ કેસમાંથી બચવું હોય તો ત્રણ લાખ આપવા પડશે કહેતા તેને ફોન કરી પૈસા મગાવી રૂપિયા તેમજ એટીએમ લઈ છોડી દીધો હતો. તા.રના રોજ તેની કાર લઈને માલની ડીલવરી કરવા નિકળતા બન્ને શખસોએ તેને ગઢકા ગામના પાટીયા પાસે અટકાવી તેને કારમાંથી ઉતારી મોટર સાઈકલમાં ભેસાડી ઢાંઢણીગામની સીમમાં લઈ જઈ તારી સાથે જે બાઈ પકડાઈ હતી. જે મરી ગઈ હવે તારી માથે બધો કેસ આવ્યો છે તેમ કહી વધુ ત્રણ લાખ પડાવી લીધાનું જણાવતા પીઆઈ ચાવડા સહિતના સ્ટાહે ગુનો નોંધી સસ્પેન્ડેડ હોમગાર્ડ કિશન ફુસવા અને અરવિંદ ગજેરાની ધરપકડ કરી હતી. જ્યારે સુત્રધાર મનીપા નામની યુવતીની શોધખોળ હાથ ધરી છે.

# વિધવા પેન્શન લેવા જતા વૃધ્ધાનું કારની ઠોકરે કરૂણ મોત




**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાકરાવાડીમાં રહેતા વૃદ્ધા પોતાના ઘરેથી નવાગામ ખાતે બેંકમાં વિધવા પેન્સન લેવા માટે જતાં હતા ત્યારે તેને ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલી કારે ઠોકર મારતા તેમનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ નાકરાવાડીમાં રહેતા મંજુબેન નાથુભાઈ રતોજા નામના ૬૫ વર્ષીય વૃદ્ધા ગઈકાલે તેના ઘરેથી નવાગામ ખાતે બેંકમાં તેમનું ★ વિધવા પેન્સન ઉપાડવા માટે ચાલીને જતાં હતા ત્યારે ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલી જીજે ૧૮ જી ૫૦૧૧ નંબરની કારે ઠોકર મરતા તેમનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. જ્યારે આ ઘટનનાની જાણ થતાં કુવાડવા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને તપાસ કરતાં આ કાર ગાંધીનગર સ્થિત ટેકનોલોજી કોલેજના એન્જીનિયરીંગ ડિપાર્ટમેન્ટના પ્રોફેસરની હોવાનું અને તેનો ડ્રાઈવર ચલાવતો હોવાથી તેની ધરપકડ કરી છે. જ્યારે મૃતક મંજુબેનને પાંચ સંતાન છે. હાલ બનાવથી પરીવારમાં અરેરાટી આવ્યાપી છે.

# ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાય.બી.જાડેજાની સી.ડી.ઓ.અમદાવાદ ખાતે બદલી

## ગત સપ્તાહે ગૃહવિભાગ દ્વારા રાજકોટના સાત પીઆઈ સહિત પીએસઆઈની બદલીનો હૂકમ થયા બાદ ક્રાઈમ બ્રાંચના પીઆઈની સિંગલ ઓર્ડરથી બદલી થતા અનેક તર્કવિતર્ક



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચના પીઆઈ તરીકે ફરજ બજાવતા વાય.બી.જાડેજાની ગઈકાલે ગૃહવિભાગ દવારા સિંગલ ઓર્ડરથી સીડીઓ અમદાવાદ ખાતે બદલી કરવામાં આવતા અનેક ચર્ચાઓ વહેતી થઈ છે. મહેસાણા, અમદાવાદ સહિત અનેક શહેરોમાં ફરજ બજાવી ચૂકેલા પીઆઈ વાય.બી.જાડેજાને અંદાજે અઢી વર્ષ પહેલા અમદાવાદથી રાજકોટ બદલી થઈ હતી. પ્રથમ ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસમાં પીઆઈ તરીકે કામગીરી કર્યા બાદ તેઓને ક્રાઈમ બ્રાંચમાં પીઆઈ તરીકે મુક્વામાં આવ્યા હતા. અગાઉ ક્રાઈમ બ્રાંચમાં બીજા પીઆઈ તરીકે મૂક્વામાં આવ્યા હોય ગત સપ્તાહે રાજ્યના ગૃહવિભાગ દવારા આગામી લોક્સભાની ૨૦૨૪ની ચૂંટણી અનુસંધાને રાજ્યભરમાં પીઆઈ અને પીએસઆઈની બદલીનો ઘાણવો કાઢવામાં આવ્યો હતો જેમાં ક્રાઈમ બ્રાંચના બીજા પીઆઈ બી.ટી.ગોહિલની પણ બદલી પણ અમદાવાદ ગ્રામ્યમાં કરવામાં આવી હતી સાથેસાથે રાજકોટ શહેરમાં અન્ય પોલીસ મથકોમાં ફરજ બજાવતા વધુ છ પીઆઈની બદલીઓ કરવામાં આવી હતી. ગઈકાલે રાજ્યના ગૃહવિભાગ દવાર સિંગલઓર્ડરથી ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાય.બી.જાડેજાની બદલી અમદાવાદ ખાતે કરવામાં આવતા અનેક તર્કવિર્તર્કો સર્જાયા છે.

# જિલ્લા જેલમાં સજા ભોગવતા કેદીને બીજા કેદીએ માથામાં તાળુ માર્યુ

## માર્કેટ યાર્ડના નાલા પાસે યુવાનને અજાણ્યા શખ્સોએ ધોકાવ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરની મધ્યમાં આવેલી સેન્ટ્રલ જેલમાં સજા કાપતા કેદીને અન્ય કેદીએ કોઈ કારણસર ઝઘડો કરી માથામાં તાળું મારી દીધું હતું. કેદીને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ જેલમાં સજા કાપતાં દિલીપ વેલાભાઈ ઝીંઝુવાડીયા નામનો ૩૨ વર્ષનું યુવાનના ત્રણેક વાગ્યાના અરસામાંએ જેલમાં હતો ત્યારે કેદી લીંબાભાઈ ઝઘડો કરી માથામાં તાળું મારી લીધું હતું.

કેદીને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલના પ્રિઝનલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત અન્ય બનાવમાં આજીડેમ ચોકડી પાસે આવેલા માંડા ડુંગરમાં રહેતા કેતન ભુપતભાઈ ભીમજાળીયા નામનો ૩૯ વર્ષનો યુવાન રાત્રિના દસેક વાગ્યાના અરસામાં જુના માર્કેટિંગ યાર્ડના નાલા પાસે હતો ત્યારે કિશોર હેરભા અને ભરતસિંહ સહિતના અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો જ્યારે ગવરીદળ આનંદપરમાં રહેતા નાથાભાઈ ચકુભાઈ વાઘેલા નામનો ૩૫ વર્ષનો યુવાન પોતાના ઘર પાસે હતો ત્યારે મધરાત્રીએ ચંદુ અને ઢોલા સહિતના શખ્સોએ પાઈપ વડે માર માર્યો હતો. મારામારીમાં ઘવાયેલા બંને યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરાજી-પોરબંદર હાઈ-વે પર વેલનાથ હોટલમાં વિદેશી દારૂની ૮૮૪ બોટલ સાથે શખ્સ ઝડપાયો

## શાપર વેરાવળની હાઉસીંગ સોસાયટીમાં ૩૨ હજારનો દારૂ રેઢો મળ્યો, બુટલેગર ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

ધોરાજી પોલીસે પોરબંદર હાઈવે પર આવેલી વેલનાથ હોટલમાંથી ૮૮૪ બોટલ વિદેશી દારૂ સાથે એક શખ્સની ધરપકડ કરી રૂ.૧.૩૨ લાખનો મુદામાલ કબજે કર્યો છે.

આ અંગે માહિતી મુજબ ધોરાજી પોલીસના એએસઆઈ પરબતભાઈ સામળા તથા હેડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે ધોરાજી પોરબંદર હાઈવે પર આવેલ વેલનાથ હોટલ પાસે દરોડો પાડતા તલશાડી ગામનો પરબત શરમણ કરમત્તા રબારી શખ્સ વિદેશી દારૂની ૮૮૪ બોટલ કિંમત રૂ.૧૩૨૬૦૦ ના મુદામાલ સાથે મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી છે. જ્યારે એક બનાવમાં શાપર વેરાવળ પોલીસના એએસઆઈ ડી.જે.જાડેજા કોન્સ્ટેબલ લગધીરસિંહ સહિતના સ્ટાફે વેરાવળમાં આવેલી હાઉસીંગ બોર્ડ સોસાયટીમાં રહેતો રોહિત રમેશ કાપડીના મકાનમાં દરોડો પાડતા રૂ.૩૨ હજારનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે રોહિત કાપડીની શોધખોળ શરૂ કરી છે.

# તાંત્રીક વિધિના બહાને માતા-પુત્રી સાથે શરીર સંબંધ બાંધવાની માંગ કરતા ગોંડલના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં કોઠારીયા રોડ પર રહેતા પરીવારમાં તકલીફ હોય જે દુર કરવા માટે જોવડાવવા જતા વશીકરણની વિધી કરવા માટે રૂપીયા ઉતરાંત માતા-પુત્રીને શરીર સંબંધ બાંધવા પડશે તેમ કહેતા મહિલાએ ફરીયાદ કરતા ભકિતનગર પોલીસે પોકસો સહીતનો ગુનો નોંધી ગોંડલના શખસની ધરપકડ કરી વિશેષ પુછ્તાછ કરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ભકિતનગર પોલીસમાં મહિલાએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે ગોંડલના રત્ના રાણાભાઈ ડાભી (ઉ.૭૫) નુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેનો પુત્ર લગ્ન બાદ પત્નિ સાથે અલગ રહેતો હોય તેમજ ઘરમાં અલગ-અલગ તકલીફો હોય જે માટે તેને તાંત્રીક રત્ના સાથે વાત કરી હોય અને તે રાજકોટ રેલનગરમાં આવ્યા હોય જેથી તેને વાત કરી હતી જેથી તે મહિલાના ઘેર આવ્યા હોય અને તમારે તકલીફો હોય કોઈએ વશીકરણ કરેલ છે. જેની વિધી કરવા માટે તમારે રૂ.૧૫ હજાર અને તમારી પુત્રીના રૂ.૬ હજાર આપવા પડશે તેમજ મહિલાને અને તેની સગીર વયની પુત્રી સાથે શરીર સંબંધ બાંધવા પડશે અને વિધી કર્યા બાદ તમામ તકલીફો દુર થઈ જશે તેમ કહેતા તેના પરીવારને વાત કરી ફરીયાદ કરવાનુ જણાવતા પીઆઈ મયુરસિંહ સરવૈયા સહીતે આરોપી સામે પોકસો સહીતનો ગુનો નોંધી આરોપી રત્ના ની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી હતી.